# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-12-2024** **Morning : 7.10 to 7.20**
**Day: Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1) રાજ્ય સરકાર આગામી સમયમાં PM-JAY યોજના અંતર્ગત હૉસ્પિટલો માટે નવી S.O.P જાહેર કરશે.
2) મહિસાગાર જિલ્લાના ગામોની રાજ્ય સરકારના ત્રણ મંત્રીઓએ મુલાકાત લઇને નાગરિકોને પૂરતુ પાણી મળી રહે તે માટે તંત્રને યોગ્ય વ્યવસ્થા કરવા સૂચના આપી.
3) બેંક સાથે છેતરપિંડી કરવાના કેસમાં અમદાવાદની એક ખાનગી કંપની સામે ઇડી દ્વારા 19 કરોડ રૂપિયા કરતાં વધુની મિલકતો ટાંચમાં લેવાઇ.
4) એસટી વિભાગ દ્વારા આરંભાયેલી ઇ-પાસની સુવિધા શરુ કરવામા ગુજરાત દેશમાં પ્રથમ રાજ્ય બન્યું.
5) પ્રતિબંધિત ચાઇનિઝ દોરીના 74 ટેલરો સાથે અમદાવાદના જુહાપુરામાંથી બે ઝડપાયા.
6) બે દિવસ દરમિયાન રાજકોટ અને પોરબંદરમાં ઠંડીનું મોજુ પ્રસરવાની હવામાન વિભાગની આગાહી.

---------------------------------------------------------------------------------------

# NEW SOP FOR HOSPITALS CABINET

**રાજ્ય સરકાર આગામી સમયમાં PM-JAY યોજના અંતર્ગત હૉસ્પિટલો માટે નવી S.O.P એટલે કે, માનક સંચાલન પ્રક્રિયા જાહેર કરશે. આ અંગે ગાંધીનગરમાં મંત્રીમંડળની બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે આ અંગે માહિતી આપી હતી.**

**(બાઈટઃ ઋષિકેશ પટેલ, SOP)**

---------------------------------------------------------------------

# CM Palitana Nagarpalika Visit

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઈકાલે પાલીતાણાના પ્રવાસ દરમ્યાન પાલીતાણા નગરપાલિકા સિવિક સેન્ટરની મુલાકાત લઈને કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે પાલીતાણા નગર સેવા સદન ખાતે ધારાસભ્ય, નગરપાલિકાના પ્રમુખ અને અધિકારીઓ સાથે બેઠક યોજીને પાલિકાના નવીન મકાન, નાણાંકીય સાધનો વધારવા તથા સ્વચ્છતા-સફાઈની કામગીરીની સમીક્ષા હાથ ધરી હતી. મુખ્યમંત્રીએ નગરપાલિકાઓને વિકાસ કામો માટે રાજ્ય સરકાર દ્વારા ઉદાર હાથે સહાય આપવાની ખાતરી આપી હતી.

---------------------------------------------------------------------

# CM BHAVNAGAR FOR MORNING

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પર્યાવરણનું ધ્યાન રાખી સેવા સાથે જૈન સમાજ વિકસિત ભારત વર્ષ 2047ના સંકલ્પમાં સહભાગી બને તેવી અપીલ કરી હતી.**

ભાવનગરના પાલિતાણામાં આદિ વીર છ'રી પાલિત સંઘ કાર્યક્રમ ધર્મસભામાં સંબોધતા શ્રી પટેલે આ મુજબ જણાવ્યું હતું.

## (ઓડિયો : ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

---

## MAHISAGAR MINISTERS VISIT

મહીસાગર જિલ્લાની ત્રણ મંત્રીઓએ મુલાકાત કરીને પાણી પુરવઠા વિભાગના ચાલી રહેલા વિવિધ વિકાસ કાર્યોની કામગીરીની સમીક્ષા કરી હતી. તેમજ નાગરિકોને પૂરતું પાણી રહે તેવી વ્યવસ્થા કરવા સૂચના આપી હતી.

જળસંપત્તિ અને પાણી પુરવઠા, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રી કુંવરજી બાવળિયા, આદિજાતિ વિકાસ અને શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડિંડોર અને જિલ્લા પ્રભારી અને પંચાયત અને કૃષિ મંત્રી બચુભાઈ ખાબડએ જિલ્લામાં ચાલતા પાણી પુરવઠા અને સિંચાઇ વિભાગના કામોની વિવિધ ગામોની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન મંત્રીઓએ જિલ્લાના બરોડા, રસૂલપુર, કુંભરવાડી, તલપતના ભેવાડા, કાજળી, ધરોડા અને લીમડા મુવાડી જેવાગામોમાં  સ્થળ મુલાકાત કરીને મંત્રીઓએ લોકોને નિયમિત પાણી મળે છે કે, નહિ તે બાબતે તપાસ કરી હતી. મંત્રીઓએ આ વિસ્તારના તમામ ગામોના લોકોને પાણીની સમસ્યા ન સર્જાય તે માટે અધિકારીઓને તાકીદ કરી હતી.

---

## MAHISAGAR KHATAR UPYOG

મહીસાગર જિલ્લામાં ઠંડી સારી પડતા અને સિંચાઈ માટે પાણી મળી રહેતા રવિ પાકને સારો લાભ થશે.

ખેડૂતોને પણ રાજ્ય સરકાર દ્વારા રાહત દરે મળતા નેનો યુરિયા ખાતરનો ઉપયોગ કરવા અનુરોધ કરાયો છે. આ અંગે જિલ્લા ખેતીવાડી અધિકારી જગદીશ પટેલે વધુ માહિતી આપી હતી.

(ઓડિયો - જગદીશ પટેલ, જિ. ખેતીવાડી અધિકારી)

-----------------------------------------------------------------

## MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in /સ્લેશ/ ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

-----------------------------------------------------------------

## ED RAID

ED એ હેલીઓસ ટ્યુબેલોય પ્રાઇવેટ લિમિટેડ અમદાવાદની 19 કરોડ 37 લાખ રૂપિયાની મિલકતો ટાંચમાં લીધી છે.. બેન્ક ઓફ બરોડાના ડીજીએમ દ્વારા સીબીઆઇ અને એસીબી ગાંધીનગરમાં આ કંપની સામે ફરિયાદ નોંધાવવામાં આવી હતી

ડિરેક્ટોરેટ ઓફ એન્ફોર્સમેન્ટ અમદાવાદ ઝોનલ ઓફિસે તા. 17 ડિસેમ્બર 2024ના રોજ હેલીઓસ ટ્યુબેલોય પ્રાઇવેટ લિમિટેડ અમદાવાદની 19 કરોડ 37 લાખ રૂપિયાની મિલકતો જપ્ત કરી હતી. જેમાં રાજુલા ખાતેની કોમર્શિયલ જમીનો અને અમદાવાદના રહેણાંક ફ્લેટને પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) 2022ની જોગવાઇ હેઠળ પ્રોપર્ટીને ટાંચમાં લીધી છે.

કંપનીના ડિરેક્ટરો દ્વારા બેન્ક પાસેથી 28 કરોડ 45 લાખની ધંધાના વિકાસ માટે લોન લઇને છેતરપિંડી કરવામાં આવી છે. ઇડીની તપાસમાં સામે આવ્યું હતું કે, સ્ટેઇનલેસ સ્ટીલ શીટ, કોઇલ, પ્લેટ્સ, ફિટિંગ અને વિવિધ પ્રકારના સ્ટીલના ઉત્પાદન માટે કુલ 29 કરોડ 67 લાખ રૂપિયાની ક્રેડિટ સુવિધા આપવામાં આવી હતી. પાછળથી ડિરેક્ટરોએ છેતરપીંડીના હેતુથી બીજી કંપની બનાવી તેમાં મિલકતો ઊભી કરી નાદારી નોંધાવી હતી. જોકે બેંકે સ્થાવર મિલકતોની હરાજી કરીને 5 કરોડ 64 લાખની રકમ રિકવર કરી હતી.

-----------------------------------------------------------------------

## Div cyber fraud

દીવ પોલીસે સાયબર છેતરપિંડી આચરી 37 લાખ રુપિયા પડાવી લેવાના કેસમાં એક ટોળકીને ઝડપી પાડી છે.

આ ટોળકીના સભ્યો ઓનલાઈન ટાઈપિંગનું કામ આપવાનું કહી લોકો પાસેથી નાણાં પડાવી છેતરપિંડી આચરતા હતાં. પોલીસ દ્વારા આરોપીઓની રાજસ્થાનના જયપુર થી ધરપકડ કરવામાં આવી છે. તપાસ દરમિયાન આશરે 10 લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

-----------------------------------------------------------------------

# *2025* UJAVANI

રાજ્ય સહિત દેશભરના ઐતિહાસિક સિમાચિહ્નોને યાદગાર બનાવવા આગામી વર્ષ 2025માં સમગ્ર રાજ્યમાં વિવિધ ઉજવણી કરાશે. રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું કે, 'ભવ્ય ઉજવણી માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં સંચાલન સમિતિ અને મુખ્ય સચિવની અધ્યક્ષતામાં કારોબારી સમિતિની રચના કરવામાં આવી છે.' આ અંગે સાંભળીએ એક અહેવાલ.....

## (વૉઈસકાસ્ટ - પ્રવેશ અડિએચા)

*(ભારતના બંધારણને 75 વર્ષ પૂર્ણ થવા પ્રસંગે રાજ્ય સરકાર દ્વારા "સંવિધાનનો અમૃત મહોત્સવ" વિષયવસ્તુ આધારિત વિવિધ કાર્યક્રમો યોજાશે. ઉપરાંત ભગવાન બિરસા મુંડાની 150મી જયંતિ નિમિત્તે રાજ્યમાં આગામી વર્ષ 2025ને "જનજાતીય ગૌરવ વર્ષ" તરીકે ઉજવવામાં આવશે. સાથે જ સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જયંતિ અને દેશના ભૂતપૂર્વ પ્રધાનમંત્રી સ્વર્ગીય અટલ બિહારી વાજપેયીની 100મી જયંતિના ઉપલક્ષ્યમાં પણ ઉજવણી કરવામાં આવશે.)*

---

# E PASS SYSTEM

દેશભરમાં 'ઈ-પાસ સિસ્ટમ' પ્રથમ વખત જ ગુજરાત એસ.ટી વિભાગ દ્વારા શરૂ કરવામાં આવી છે. રાજ્યમાં બીજા શૈક્ષણિક સત્રથી શરૂ કરવામાં આવેલી 'ઈ-પાસ સિસ્ટમ'નો અત્યાર સુધીમાં 2 કરોડ 75 લાખથી વધુ વિદ્યાર્થીઓએ લાભ

**લીધો છે, જ્યારે 70 હજારથી વધુ વિદ્યાર્થીઓ ઓનલાઇન E-Pass કરાવીને ડિજિટલ ગુજરાત અભિયાનમાં સહભાગી થયા છે.**

**જ્યારે ગ્રામીણ ક્ષેત્રમાંથી આવતી વિદ્યાર્થિનીઓને એસ.ટી નિગમ દ્વારા આ પાસ વિનામૂલ્યે આપવામાં આવે છે, જેમાં અન્ય વિદ્યાર્થીઓને પાસ મેળવવા માટે 82.5 ટકા કન્સેશન આપવામાં આવે છે.**

---

## Juhapura chinese dori

અમદાવાદના જુહાપુરામાંથી પોલીસે પ્રતિબંધિત જીવલેણ ચાઇનીઝ દોરીના 74 ટેલર સાથે બે લોકોને ઝડપી પાડ્યા છે. પોલીસે બાતમીના આધારે દરોડા પાડી 37 હજારની કિંમતના મુદ્દામાલ જપ્ત કર્યો છે.પોલીસ કમિશનર દ્વારા શહેરના તમામ ઝોનમાં પ્રતિબંધિત ચાઇનીઝ દોરી તથા તુક્કલોનો વેપાર કરતા વધુમાં વધુ કેસો શોધી કાઢવા સૂચના આપવામાં આવી છે. આ દોરીથી રાજ્યમાં ત્રણ અકસ્માત થયા છે જેમાં ત્રણેય વ્યક્તિના મોત થયા હતા.

---

## Weather

**હવામાન વિભાગ દ્વારા બે દિવસ દરમિયાન પોરબંદર અને રાજકોટમાં ઠંડીનું યલો એલર્ટ જાહેર કર્યું છે. હવામાન વિભાગ દ્વારા સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓમાં ઠંડીનું જોર વધવાની આગાહી વ્યક્ત કરી છે તેમાં પણ રાજકોટ અને પોરબંદર એમ બે જિલ્લામાં આજે અને આવતીકાલે કોલ્ડ વેવ ની આગાહી વ્યક્ત કરવામાં આવી છે.**

આ ઉપરાંત ઉત્તર અને મધ્ય ગુજરાત તથા દક્ષિણ ગુજરાત અને કચ્છમાં લઘુત્તમ તાપમાનમાં એક થી બે ડિગ્રીનો વધારો પણ થવાની સંભાવના છે એટલે કે ઉત્તર મધ્ય અને દક્ષિણ ગુજરાત ઠડીમાં આંશિક ઘટાડો જોવા મળશે  જ્યારે સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં ઠંડીનું પ્રમાણ વધવાની શક્યતાઓ છે.

---------------------------------------------------------------------